સેકટર-૩૦ જુની કોર્ટ પાસે પૈસાની લેવડ-દેવડ મુદ્દે યુવક પર ૧૪ શખ્સોએ હુમલો કર્યો

ગાંધીનગર, તા.૨૯

શહેરની સેકટર-૩૦ જુની કોર્ટ પાસે સાંજના સમયે યુવક પર ૧૪ જેટલા શખ્સોએ હુલમો કર્યો હતો. યુવકે મંડળમાંથી ઉપાડેલા રૂપીયા ન ભરતા આ હુમલો કરાયો હતો. જયારે યુવકે હાલમાં મારી પાસે પૈસા નથી, થોડા દિવસમાં ભરી દઈશ તેમ જણાવ્યું હતું. તેમ છતા હુમલાખોર રીક્ષામાં બેસી ગયા હતા અને રીક્ષા ઉભી રખાવી લાકડી અને ગડદાપાટુનો માર માર્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે રામુ વેરસી રબારીએ બોરીજના નિતિન પરમાર અને નરસિંહ ઠાકોર સહિત ૧૪ વ્યકિત સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૬ ચેહરનગર રબારી વાસ ખાતે રહેતા ૪૪ વર્ષિય રામુ વેરસીભાઈ રબારી ગઈકાલે સાંજના ૬ વાગ્યાના અરસામાં ઘરે થી સેકટર-૩૦ દુકાન ખાતે ઘી લેવા માટે ગયા હતા. યુવક ઘી લઈને રીક્ષા લઈને પરત ઘરે જઈ રહ્યો હતો. તે સમયે નરસિંહ ઠાકોર અને અન્ય એક યુવક તેની પાસે આવ્યા હતા. અમારા મંડળમાંથી મે ઉપાડેલા પૈસા માંગતા હતા. જેથી હાલ મારી પાસે પૈસા નહી હોવાનું અને થોડા દિવસમાં પૈસા ભરી દઈશ તેમ જણાવ્યું હતું. ત્યારપછી યુવક રીક્ષા લઈને નીકળતો હતો, ત્યારે રીક્ષામાં નરસિંહ ઠાકોર અને અન્ય વ્યકિત બેસી ગયા હતા. તેઓએ ચાલુ રીક્ષામાં બોલાચાલી કરી રીક્ષા કોર્ટ પાસે ઉભી રખાવી હતી. નરસિંહ ઠાકોરે ફોન કરી નિતિન પરમારને બોલાવતા તેમણે આવી લાકડી વડે માર માર્યો હતો. તે સમયે રીક્ષામાંથી ખેંચીને બહાર કાઢી અન્ય શખ્સો ગડદાપાટુનો માર માર્યો હતો. જેથી યુવકે તેના ભાઈ નાગજીને છોડાવવા માટે બોલાવતા તેઓની સાથે પણ મારામારી કરવા લાગ્યા હતા. મારામારી અને ઝઘડાને પગલે અન્ય નાગરીકો દોડી આવતા નિતિન પરમાર અને નરસિંહ ઠાકોર જતા જતા યુવકને જાનથી મારી નાંખવાની ધમકી આપી તેમની સાથે આવેલા અન્ય શખસો પણ નાસી ગયા હતા. જયારે ઈજા પહોંચી હોવાથી ૧૦૮ ને કોલ કરતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા.જયારે રામુ દેસાઈએ ૧૪ શખ્સો સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

● આગામી ૧લી ઓગષ્ટથી સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

● ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા આજે પી.એમ. સ્વનિધિ યોજનાના લાભાર્થીઓનું સંમેલન મહાત્મા મંદિર ખાતે યોજાશે.

● માણસા તાલુકાના રિદ્રોલ ખાતેના આયુર્વેદ દવાખાનામાંથી કોમ્પ્યુટરની ચોરીની ઘટનાએ ચકચાર મચાવી છે. પોલીસ આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

● હર ઘર ત્રિરંગા કાર્યક્રમ અંતર્ગત માણસા શહેર અને તાલુકાની ભાજપના અપેક્ષિતોની બેઠક જિલ્લા ઈન્ચાર્જ આઈ.બી. વાઘેલા, ડી.ડી. પટેલ, અમિત ચૌધરી, લક્ષ્મણસિંહ રાઠોડ, એલ.એચ. પટેલની ઉપસ્થિતિમાં મળી હતી. જિલ્લા પ્રમુખ અનિલ પટેલે વિશેષ માર્ગદર્શન આ બેઠકમાં આપ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં આજે કોરોના વિરોધી રસીકરણ અભિયાનમાં ૧૫૩૨ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪,૫૩૦ લોકોનો કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર જિલ્લામાં ૨૯મીની સવારના ૬ વાગ્યા સુધીમાં ૫૧ ટકા વરસાદ સિઝનનો નોંધાયો છે.

● આજે હેપ્પી ફ્રેન્ડઝ ડે હોઈ તેના બેલ્ટના વેચાણની આજે શહેરમાં ઘરાકી જણાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં માર્ગ પરની ઉખડી ગયેલી કપચી વાહનચાલકો માટે શિરદર્દ બની છે.

● એક વિદ્યાર્થી એક વૃક્ષ દત્તક અભિયાન અન્વયે ડભોડા ખાતે એચ.એમ. વિદ્યામંદિર ખાતે કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

● જન શિક્ષણ સંસ્થાન ગાંધીનગરના ઉપક્રમે રખિયાલ ખાતે સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી છે.

આવતીકાલે રાંદેસણ ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમિના દ્વારા શહેરના રાંદેસણમાં આગામી તા. ૩૧મી જુલાઇ રવિવારના રોજ સવારે ૯થી બપોરે ૧ વાગ્યા દરમ્યાન રાજસ્થાન હોસ્પિટલ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સર્વ રોગ બિદાન કેમ્પ રાંદેસણની સરકારી પ્રાથમિક શાળા ખાતે યોજાશે જેમાં રાજસ્થાન હોસ્પિટલના વિવિધ નિષ્ણાંત તબીબો દર્દીઓને નિદાન અંગેની સેવા પુરી પાડશે. સર્વ રોગ નિદાન કેમ્પમાં હૃદયને લગતી બીમારી, હાડકાં ફેફસાંને લગતી બીમારીઓ, પેટ, આંતરડા તથા લિવરને લગતી બીમારીઓ, મગજ, કરોડરજ્જુ અને મણકાના રોગો, નવજાત શિશુના રોગો તથા મોઢાંના કેન્સર સહિતના વિવિધ રોગોની વિનામૂલ્યે નિદાનની સેવા પુરી પાડવામાં આવશે.

શ્રાવણના પ્રથમ દિવસે ગાંધીનગરમાં પંચદેવ મહાદેવ મંદિર, સે. ૨૨ ખાતે વહેલી સવારથી જ ભાવિક ભક્તોની ભીડ ઉમટી હતી. જેમાં ગુજરાતના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી પણ પંચદેવ મંદિર ખાતે પહોંચ્યા હતા. પૂજા-વિધિ કરી હતી.

સાદરા સંકુલમાં દૈનંદિની લખવાના મહત્વ અંગેનો વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં વિદ્યાર્થીઓએ દરરોજ દૈનંદિમાં કરેલી પ્રવૃત્તિઓના લખાણ માટે સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલે વાર્તાલાપ આપતાં દૈનંદિની લખવા માટેનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે મહાત્મા ગાંધી પણ દરરોજ ડાયરી લખતા, યરવડા જેલમાં દર અઠવાડિયે મંગળવારે ડાયરી લખતા જેમાં સૌપ્રથમ ૨૨-૭-૧૯૩૦ના રોજ સત્ય વિશે એમ દર અઠવાડિયે લખતા લખતા અહિંસા, બ્રહ્મચર્ય અસ્વાદ, અસ્તેય, અપરિગ્રહ, અભય, અશ્પૃશ્યતા નિવારણ, જાતમહેનત, સર્વધર્મ સમભાવ, નમ્રતા, વ્રતની આવશ્યકતા જેવા લખાણો ભેગા કરી પુસ્તક બન્યું જેનું નામ મંગળ પ્રભાત રખાયું. મહાદેવભાઈ દેસાની ડાયરી પુસ્તકના અઢાર ભાગ પ્રકાશિત થયા છે. હું પણ ૩૭ વર્ષથી દરરોજ ડાયરી લખું છું. આપણું પ્રવૃત્તિ દર્પણ પણ દરરોજ લખવામાં આવતી ડાયરીનું પરિણામ છે. માટે વિદ્યાર્થીઓએ દરરોજની પ્રવૃત્તિનું લખાણ દૈનંદિનીમાં લખવા માટે માત્ર ત્રણ મિનિટનો સમય કાઢવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ ૩૬૫ દિવસનો ચિતાર જાણી શકે. સભા સંચાલન અને આભારદર્શન પ્રા. ડૉ. મોતીભાઈ દેવુંએ કર્યું હતું. કાર્યક્રમને અંતે દૈનંદિની વિતરણ કરવામાં આવ્યું.

ગાંધીનગરથી હિંમતનગર પહોંચતા બે કલાક થાય છે

ગાંધીનગર, તા. ૨૯

ફોર લેનનો રસ્તો હતો ત્યારે ગાંધીનગરથી હિંમતનગર પહોંચતા પીસ્તાલીસ મીનીટ થતી હતી. અત્યારે બે વર્ષથી સીક્સ લેનની કામગીરી શરૂ કરતા, કામ પૂર્ણ ન થતા રસ્તા ખુબ ખરાબ થયા છે. બે કલાકનો સમય ત્યાં પહોંચતા થાય છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગનો અસફળ વહીવટના કારણે ઠેર ઠેર ખાડા, તેમાં પાણી ભરાય છે. ઓવરબ્રીજની અધુરી કામગીરીથી ડાયવર્ઝનના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. પચાસથી વધુ બમ્પ હાઈવે હોવાથી લોકો તથા ગાડીની હાલત ખરાબ કરી દે છે. એક પછી એક કામ લેવુ જોઈએ તેના બદલે એક સાથે પુલ બનાવવાની મુર્ખતા કરી.

સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટેની સમિતિના ચેરમેન ઠાકોર શંભુજી તથા સમિતિનાં સભ્યો એટલે કે ૧૧ ધારાસભ્યશ્રીઓ નું ગુજરાતના કચ્છ-ભુજ ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી નિમાબેન આચાર્ય એ ભાવસભર સાલ અને ફુલોના બુકે થી દરેક ધારાસભ્યશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સિવિલમાં નવી બિલ્ડીંગના ૧ થી ૮ માળ લોબીના તમામ શૌચાલય ખંડેર

શૌચાલય હોવા છતા બંધ રહેતા દર્દીના સગાઓને પારાવાર મુશ્કેલી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૧ થી ૮ માળ સુધી લોબીમાં તંત્ર દ્વારા શૌચાલય બનાવવામાં આવ્યા હતા. પરંતુ કોઈ જાણે કેમ વર્ષોથી આ શૌચાલયની હાલત ખંડેર જેવી બની જવા પામી છે. વોર્ડમાં એડમીટ દર્દીના સગા અને અન્ય વ્યકિતઓ માટે શૌચાલય બનાવાયા હતા. લાખો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલા ૧ થી ૮ માળના લોબીના તમામ શૌચાલય બંધ રહેતા દર્દીના સગાઓને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે.

મળતી વિગત મુજબ સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાં તમામ વિભાગના વોર્ડ આવેલા છે. દરેક વોર્ડમાં દર્દીઓની સંખ્યા સારા પ્રમાણમાં હોય છે. સિવિલના અંદાજીત ૪૦૦ થી વધુ ઈન્ડોર દર્દીઓ સારવાર લેતા હોય છે. દર્દીઓને પગલે તેમના સગા અને પરિવારના સભ્યોની સંખ્યા પણ વધુ હોય છે. જેથી રાત-દિવસ હોસ્પિટલ ધમધમતી હોય છે. ત્યારે નવી બિલ્ડીંગમાં કેટલાક વોર્ડમાં શૌચાલય રીનોવેશનનું કામ થતુ હોવાથી બંધ હાલતમાં હતા.

જેથી વોર્ડમાં માત્ર એક જ શૌચાલય કાર્યરત હતું. જેથી દર્દીઓ તેમજ સગાઓને મુશ્કેલી પડતી હતી. એક જ શૌચાલયને પગલે દર્દીઓ તેમજ તેના સગાઓ પણ શૌચક્રિયા માટે જતા હોય છે. જયારે નવી બિલ્ડીંગના દરેક ફલોર પર લોબીમાં બહાર લાખો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલા શૌચાલયો બિનઉપયોગી થઈને ઉભા છે. ત્યારે આ શૌચાલય ફરીથી ઉપયોગી થાય તે દિશામાં સિવિલ તંત્ર દ્વારા કામ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

સાદરા ખાતે ગુજરાત વિદ્યાપીઠ ખાતે એફઆઈઆર અને સાઈબર ક્રાઈમ જાગરુકતા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ગ્રામસેવા કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ સાદરમાં ઈએફઆઈઆર અને સાઈબર ક્રાઈમ જાગરૂકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત વિદ્યાપીઠ ગ્રામ સેવા કેન્દ્રના ત્રણ વિભાગ શારીરીક શિક્ષણ વિભાગ, સુક્ષ્મ વિભાગ, અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ દ્વારા સંયુકત રીતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ચિલોડા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર મયુરધ્વજસિંહ જાડેજાએ એફઆઈઆર અને સાઈબર ક્રાઈમ વિશે હાજર વ્યકિતઓને તેમજ વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ અને નાગરીકો વાહન ચોરી અને મોબાઈલ ચોરીના કિસ્સામાં સરળતાથી કેવી રીતે એફઆઈઆર નોંધાવી શકાય છે તેની પણ સચોટ માહિતી આપી હતી. તે ઉપરાંત ડીજીટલ પ્લેટફોર્મ પર કંઈકંઈ સુવિધાઓ રાજયસરકાર અને કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવે છે. તેની પણ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અતિથિ તરીકે ગામના સરપંચ મહેશભાઈ રાવલ, વિજ્ઞાન શાખાના ડીન ડો.નીરજ શેઠ, ડો. દિવ્યેશભાઈ ભટ્ટ, અને મુખ્ય યજમાન શારીરીક શિક્ષણના ડીન ડો.જગદીશચંદ્ર સાવલીયા હાજર રહ્યા હતા. પ્રાંસગીક ઉદ્‌બોધન વિદ્યાશાખાના ડીન ડો. જગદીશ ચંદ્ર સાવલીયાએ કર્યું હતું. અતિથિઓનું સ્વાગત સુતરની આંટીથી રાજનલ્લા, નિખિલ પોકાર, અભિષેક દહેકર, પંકજ ભામોર, અને દિપક યાદવે કર્યું હતું.જયારે કાર્યક્રમનું સંચાલન ડો.નિરજ સિલાવટે કર્યું હતું. જયારે આભારવિધી દિવ્યેશભાઈ ભટ્ટે કરી હતી.

ભારત માતા મંદિર ખાતે વિચરતી વિમુકત જાતિના મહાસંમેલનની બેઠક યોજાશે

ગાંધીનગર,તા.૨૯

શહેરના સેકટર-૭ ખાતે આવેલા ભારતમાતા મંદિર ખાતે આગામી તા.૩૧ જુલાઈના રોજ વિચરતી વિમુકત જાતિના મહાસંમેલનની બેઠક બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન યોજાશે. દેવીપુજક સહિત વિચરતી વિમુકત જાતિના પરિવારોને જે લાભો મળતા નથી તેના ભાગરુપે આગામી દિવસ તા.૧ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસે મહાસંમેલન પાટનગરમાં યોજાવાનું છે.જેને અનુલક્ષી આ બેઠકમાં બજાણીયા, બાવરી, પારધી, સલાટ, ભાંડ, કોટવાડીયા, વાદી, વણઝારા, સહિત અન્ય વિચરતી વિમુકત જ્ઞાતિના આગેવાનો મોટીસંખ્યામાં હાજર રહેશે તેમ વિરાટ દેવીપુજક સંઘ અને આદિમ મહાસંઘના રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું છે.

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સંકુલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સંકુલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.વૃક્ષારોપણમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડે.મેયર પ્રેમલસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રેમલસિંહ ગોલ એ બાળકોને આ સીઝનમાં ૧૦૦૧ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવડાવ્યો હતો .અતિથિ વિશેષ તરીકે પ્રદીપસિંહ વાઘેલા (વિદ્યા લાયબ્રેરી)એ બળકોને બિરદાવ્યા હતા.સંસ્થાના વડા કિરણસિંહ ,રૂપસિંહદાદા અને પીનાકભાઈએ સર્વે વિદ્યાર્થીઓને વૃક્ષના મહત્વની વાતો કરી હતી.

ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૫

સને ૨૦૨૨-૨૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં. ૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, બ્લોક નં.-'એ', પ્રથમ માળ, ગાંધીનગર - ૩૮૨૦૧૬, (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના કામના ૧ (એક) ટેન્ડર મંગાવવામાં આવે છે જેની અંદાજીત રકમ રૂ. ૮૬૩૫૫.૦૦ની છે.

જે માટે આવા કામનાં અનુભવી તેમજ વિદ્યુત પરવાનો ધરાવતા ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૧/૮/૨૦૨૨ (સમય ૧૬:૦૦ કલાક) સુધી આપવામાં આવશે જ્યારે ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ : ૪/૮/૨૦૨૨ કચેરી સમય સુધી છે. આવેલ ટેન્ડરો તા. ૪/૮/૨૦૨૨ના ૧૭.૩૦ કલાકે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ-૧ પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમાં / સાદી ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૯૯૧/૨૨-૨૩